# અમદાવાદ ખાતે કાર્ડિયોલોજી સોસાયટી ઓફ ઈન્ડિયાના ૭૨માં રાષ્ટ્રીય અધિવેશનનો પ્રારંભ

## રાષ્ટ્રીય - આંતરરાષ્ટ્રીય સ્તરે મેડિકલ ક્ષેત્રે થઈ રહેલ નવોન્મેષ સંશોધન દર્દીઓની સારવારમાં સચોટતા લાવશે : નીતિનભાઈ પટેલ : છ દિવસીય કોન્ફરન્સમાં ૨૦,૦૦૦થી વધુ હૃદયરોગ સંબંધી નિષ્ણાંત તબીબો જોડાશે







ગાંધીનગર, તા. ૧૦

અમદાવાદ શહેર ખાતે મળી રહેલા ૭૨ રાષ્ટ્રીય અધિવેશનમાં નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે, પ્રવર્તમાન કોરોના સ્થિતિ વચ્ચે પણ રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે મેડિકલ ક્ષેત્રે ઘણું નવીનીકરણ થવા પામ્યું છે. તબીબી જગતમાં નવી સંશોધન તેમજ સુવિધાઓ દર્દી નારાયણની સેવા સુશ્રુષામાં ઉપયોગી નીવડે તે જ રાજ્ય સરકારનો ધ્યેય છે.દેશની સૌથી જૂની અને આઝાદી સમયે કાર્યરત થયેલી કાર્ડિયાક સોસાયટી ઓફ ઈન્ડિયાનું રાષ્ટ્રીય અધિવેશન ગુજરાત રાજ્યની ધરા પર મળવું તે ગુજરાત રાજ્ય માટે ગૌરવવંતી બાબત છે.

તેઓએ વધુમાં ઉમેર્યુ કે આ કોન્ફરન્સ થકી જોડાયેલા કાર્ડિયોલોજી ક્ષેત્રના તજજ્ઞ તબીબોના જ્ઞાન થકી જુનિયર તબીબોને અનેરો લાભ મળશે. કાર્ડિયોલોજી સોસાયટી ઓફ ઈન્ડિયાના ૨૦ હજાર કરતા પણ વધુ કાર્ડિયાક તબીબો સમગ્ર દેશમાંથી આ અધિવેશનમાં જોડાઈને કાર્ડિયોલોજી ક્ષેત્રે રહેલી તજજ્ઞતાનુ આદાન પ્રદાન કરશે.

તેમણે ઉમેર્યુ કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા દેશના દરેક જિલ્લામાં મેડિકલ ક્ષેત્રે નવોન્મેષ વિકાસ થાય તેને અનુલક્ષીને ૭૫ જિલ્લાઓની પસંદગી કરવામાં આવી છે.આ તમામ જિલ્લાઓમાં મેડિકલ કોલેજ નિર્માણાધીન છે. જેના ભાગરૂપે ગુજરાત રાજ્યના પાંચ જિલ્લાઓની મેડિકલ કોલેજ નિર્માણ માટે પસંદગી કરવામાં આવી છે જે ટૂંક સમયમાં જ મેડિકલ ક્ષેત્રે કારકિર્દી ઘડતરના સ્વપન સેવી રહેલા રાજ્યના વિદ્યાર્થીઓ માટે ખુલ્લી મુકાશે.

કોરોનાની મહામારી વચ્ચે પણ કોરોનાગ્રસ્ત દર્દીની સારવારની સાથે સાથે નોન-કોવિડ સારવારને લગતી સ્વાસ્થ્ય સેવાઓમાં પણ રાજ્યની સરકારી હોસ્પિટલ મહત્વની ભૂમિકા અદા કરી રહી છે. રાજ્યભરની સરકારી હોસ્પિટલોમાં ૮૦ હજારથી પણ વધારે ઓ.પી.ડી.ની મુલાકાત દર્દીઓ દ્વારા લેવામાં આવી રહી હોવાનું નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું.

બાળક ગર્ભમાં ઊછરી રહ્યું હોય, નવજાત બાળકને હૃદય રોગ સંબંધી કોઈપણ તકલીફનાં સચોટ નિદાન માટે રાજ્ય સરકાર દ્વારા તાજેતરમાં જ અમદાવાદ ખાતે બાળ રોગ હૃદય રોગની શ્રેષ્ઠતમ સુવિધાઓથી સજ્જ હોસ્પિટલ રાજ્યભરના દર્દીઓ માટે ખુલ્લી મુકવામાં આવી છે.

કાર્ડિયોલોજી સોસાયટી ઓફ ઈન્ડિયાના ૭૨માં રાષ્ટ્રીય અધિવેશનમાં જોડાયેલ તબીબોને રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા વિડિયો મેસેજથી શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

આ રાષ્ટ્રીય અધિવેશનમાં ડોકટર કમલકુમાર શેઠી અને ડોકટર સત્યવાન શર્માને ઈન્સ્ટિટયૂટ તરફથી લાઈફટાઈમ એચીવમેન્ટ એવોર્ડ થી બિરદાવવામાં આવ્યા હતા. કાર્ડિયોલોજી સોસાયટી ઓફ ઈન્ડિયાના ૭૨માં રાષ્ટ્રીય અધિવેશનમાં કાર્ડિયોલોજી તબીબ ડોકટર કમલકુમાર શેઠી અને ડોકટર સત્યવાન શર્માને ઈન્સ્ટિટયૂટ તરફથી નાયબ મુખ્યમંત્રી શ્રી નિતિનભાઈ પટેલના વરદ હસ્તે લાઈફટાઈમ એચીવમેન્ટ એવોર્ડ થી સન્માનિત કરવામાં આવ્યા હતા.

નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલના વરદ હસ્તે કાર્ડિયોલોજી ઢ્ઢટ્ઠી ૨૦૨૦ બુકનું અનાવરણ કરવામાં આવ્યું હતું.

આ અધિવેશનમાં કાર્ડિયોલોજી સોસાયટી ઓફ ઈન્ડિયાના પદાધિકારીઓ, સભ્યો, હ્રદયરોગ નિષ્ણાંત તબીબો, તબીબી જગતના નિષ્ણાંતો ઉપસ્થિત રહ્યા હતા.

## જન્મદિને વધામણી



ઝંખના મેહુલ શાહ
મો. ૯૪૨૭૭ ૧૩૪૨૨



અનેરી મૃગેશ ભટ્ટ
મો. ૯૯૦૯૯ ૧૪૩૩૧



માસ્ક પહેરો...
સ્વસ્થ રહો...

# ભારતના નવા સંસદભવનના ભૂમિપૂજન કાર્યક્રમમાં ગાંધીનગરથી વીડિયો કોન્ફરન્સના માધ્યમથી સહભાગી થતાં મુખ્યમંત્રી



ગાંધીનગર, તા. ૧૦

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે નવી દિલ્હી ખાતે આજે નવા સંસદભવનનો ભૂમિપૂજન કાર્યક્રમ યોજાયો હતો. આ ભૂમિપૂજન કાર્યક્રમમાં ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી ગાંધીનગર વીડિયો કોન્ફરન્સના માધ્યમથી સહભાગી થયા હતાં.

આ પ્રસંગે લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલા, કેન્દ્રિય ગૃહ મંત્રી અમિતભાઈ શાહ, સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ તેમજ કેન્દ્રિય મંત્રીઓ, અધિકારીઓ સહિત વિવિધ મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતાં.

આ પ્રસંગે વિવિધ ધર્મના ધર્મગુરૂઓ દ્વારા સર્વધર્મ પૂજા-અર્ચના, મંત્રોચ્ચાર કરવામાં આવ્યો હતો.

# અમદાવાદ ગ્રામ્ય વિસ્તારના ૭ તાલુકાના ૧૨૮ ગામોની ૩.૭૪ લાખ જનસંખ્યાને પીવાનું પુરતું શુદ્ધ પાણી મળશે

## મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ રૂ. ૪૮.૬૨ કરોડની ત્રણ પાણી પુરવઠા સુધારણા યોજનાઓના ઇ-ખાતમૂર્હત સંપન્ન કર્યા




ગાંધીનગર, તા. ૧૦

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને અમદાવાદ ગ્રામ્ય જિલ્લાના ૧૨૮ ગામોની ૩.૭૪ લાખ જનસંખ્યાને પીવાનું શુદ્ધ પુરતું પાણી પુરૂં પાડનારી રૂ. ૪૮.૬૨ કરોડની ત્રણ પાણી પુરવઠા સુધારણા યોજનાના ઈ-ખાતમૂર્હત ગાંધીનગરથી વિડીયો કોન્ફરન્સ દ્વારા સંપન્ન કર્યા હતા.

મુખ્યમંત્રીએ રાજયમાં વિશાળ વોટરગ્રીડના નિર્માણથી સૌરાષ્ટ્ર, કચ્છ-ઉત્તર ગુજરાત સહિત અંતરિયાળ ગામો સુધી પીવાનું શુદ્ધ પાણી પહોચાડવામાં ગુજરાતે અગ્રેસરતા મેળવી છે તેવો સ્પષ્ટ મત આ વેળાએ વ્યકત કર્યો હતો. પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળિયા જસદણ-વિંછીયાથી વિડીયો કોન્ફરન્સ દ્વારા તેમજ ગૃહ રાજ્ય મંત્રી પ્રદિપસિંહ જાડેજા ગાંધીનગર મુખ્યમંત્રી નિવાસસ્થાનેથી આ અવસરના સાક્ષી બન્યા હતા.

આ સુધારણા યોજનાઓ અન્વયે વિરમગામ, બાવળા અને સાણંદ તાલુકાના ૫૪ ગામોને રૂ. ૨૨.૯૫ કરોડની સૌરાષ્ટ્ર બ્રાંચ કેનાલ આધારિત સુધારણા યોજના, ઝીંઝુવાડિયા બ્રાંચ કેનાલ આધારિત રૂ. ૯.૧૮ કરોડની સુધારણા યોજનામાં વિરમગામ, માંડલ, દેત્રોજના ૪૪ ગામો તેમજ વહેલાલ બ્રાંચ કેનાલ આધારિત રૂ. ૧૩.૮૩ કરોડની સુધારણા યોજનામાં દસક્રોઈના ૩૦ ગામોને લાભ મળવાનો છે.

સાંસદ મહેન્દ્ર મૂંજપરા, એચ. એલ. પટેલ, ધારાસભ્યો શ્રી બાબુભાઈ પટેલ તેમજ જિલ્લા પંચાયતના પ્રમુખ અને પદાધિકારીઓ કાર્યક્રમ સ્થળેથી આ સમારોહમાં સહભાગી થયા હતા.

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતમાં ભૂતકાળમાં કોંગ્રેસની સરકારોમાં ખાસ કરીને ૮૦ થી ૯૦ના દશકમાં પાણીની જે વિકટ સ્થિતી હતી તેની વરવી વાસ્તવિકતા વર્ણવતા કહ્યું કે, સૌરાષ્ટ્ર-કચ્છ ઉત્તર-ગુજરાતે પાણી માટે વલખાં માર્યા છે, બહુ સહન કર્યુ છે.

તેમણે ઉમેર્યુ કે, પાણી માટે રમખાણો થતાં, સૌરાષ્ટ્રમાં તો ટ્રેન દ્વારા પાણી પહોચાડવું પડતું અને ટેક્રર રાજમાં પણ ભ્રષ્ટાચાર ચાલતો, અઠવાડિયે, પાંચ દિવસે લોકોને પાણી મળતું અને પાણીના અભાવે લોકો હિજરત કરી જતા. વિજયભાઈ રૂપાણીએ કહ્યું કે, તે લોકોએ પાણી માટે ચિંતા જ ન કરી, ન બજેટ ફાળવ્યા કે ન આયોજનો કર્યા. તેમના સમયમાં તો ખાતમૂર્હત થયા પછી વરસો સુધી કામ જ ન થાય અને બજેટ ફાળવ્યું હોય તે બમણું-ચાર ગણું થઈ જાય તેવી સ્થિતી હતી.

ગુજરાતમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મુખ્યમંત્રીનો પદભાર સંભાળતા જ પાણી પુરવઠા માટેનું પાણીદાર આયોજન અને પાણીને વિકાસનો આધાર બનાવી અગ્રતા આપી, તેમ તેમણે સ્પષ્ટપણે ઉમેર્યુ હતું.

# ગાંધીનગર સાહિત્ય સેવા સંસ્થાન દ્વારા ૭૦ હિન્દી કવિઓને ઑનલાઈન સમ્માનિત કરાયા

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર સાહિત્ય સેવા સંસ્થાન દ્વારા તારીખ ૬ ડિસેમ્બર ૨૦૨૦ના રોજ સાંજે ચાર વાગ્યે ઑન લાઈન હિન્દી કવિ સંમેલન તેઓએ દશ કવિઓનું સમ્માન પત્ર આપી સન્માન કર્યું હતું

અતિથિ વિશેષ તરીકે રોશન ધરા સમાજ સેવિકા, કવિયિત્રી એવંમ લેખિકા કાનો દર, પાલનપુર

આ કાર્યક્રમમાં અતિથિઓનું શબ્દોથી સ્વાગત ડૉ ગુલાબચંદ પટેલ અધ્યક્ષ ગાંધીનગર સાહિત્ય સેવા સંસ્થાન દ્વારા કરવામાં આવ્યું હતું. આ




શ્રદ્ધાંજલિ આપવા માટે આયોજિત કરવામાં આવ્યું હતું, જેમાં ભાગ લઈ પોતાની રચના પ્રસ્તુત કરી ડૉ બાબા સાહેબ આંબેડકર ને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી આ કવિ ઓ ને સમ્માનિત કરવા માટે તારીખ ૯ ડિસેમ્બર ૨૦૨૦ ના રોજ સાંજે ચાર વાગ્યે ઑન લાઈન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ડૉ બ્રિજેન્દ્ર નારાયણ દ્વિવેદી શૈલેષ વારાણસી ઉપસ્થિત રહ્યા હતા અને સમ્માન સમારોહનું ઉદ્‌ઘાટન કર્યું હતું. ઉપસ્થિત રહ્યા હતા અને દશ કવિઓ ને સમ્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે સરસ્વતી વંદના શ્રી ડૉ જયંતિ લાલ બારીશ ડાંગ દ્વારા કરવામાં આવી હતી. આ કાર્યક્રમ નું સંચાલન આકાશ અગ્રવાલ મધ્ય પ્રદેશ દ્વારા કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમમાં ખંભોળજ સાહિત્ય સેવા સંસ્થા આણંદના અધ્યક્ષ શૈલેષ વાણિયા, તથા મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધીનગર ના બિહાર ઈકાઈના અધ્યક્ષ ડૉ મીના પરિહાર પટના બિહાર ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં આભાર વિધિ કાંતિભાઈ પટેલ એડવોકેટ દ્વારા કરવામાં આવી હતી, અંતમાં રાષ્ટ્રગાન વંદે માતરમ્ રાષ્ટ્રીય અધ્યક્ષ ડૉ ગુલાબચંદ પટેલ કવિ લેખક અને અનુવાદક ભૂત પૂર્વ ઓફિસ સુપ્રિટેન્ડેંટ અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી ઓફિસ, ઈંડિયન લાયન્સ ગાંધીનગર સ્વર્ણિમ કલબ ઉપાધ્યક્ષ, ઈન્ટરનેશનલ એમ્બેસેડર ગાંધી પીસ ફાઉંડેશન નેપાલ દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યું હતું અને કાર્યક્રમને પૂર્ણ જાહેર કરવામાં આવ્યો હતો.



સરસ્વતી સંગીત કલાસ દ્વારા શહેરમાં આવેલા એસ.પી.રીગ રોડ, એસ.જી. હાઈવે, અંધજનમંડળ વસ્ત્રાપુર, જનતાક્રોસીંગ ઘાટલોડિયા તેમજ વાસણા જેવા વિસ્તારોમાં આવેલા ફૂટપાથ ઉપર પોતાનું જીવનનિર્વાહ કરતાં પરિવારોને ૧૦૦૦ ગરમ ધાબળા વિતરણ કરવામાં આવ્યું હતું.

# સરકારી વિજ્ઞાન કોલેજમાં ઉદીશા પ્રકલ્પ અંતર્ગત ‘How to crack Government competitive exams’ વેબિનારનું આયોજન




ગાંધીનગર, તા. ૧૧

સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગર કોલેજમાં અંતિમ વર્ષમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓને, ઉદીશા પ્રકલ્પ અંતર્ગત, કારકીર્દી લગતી મહિતી મળી રહે તે હેતુથી ૮મી ડિસેમ્બરના રોજ વેબિનારનું આયોજન કરવામાં આવેલ હતું. IIM જેવી પ્રતિષ્ઠીત સંસ્થાના વિદ્યાર્થી તથા SPIPAમાં નિષ્ણાંત તરીકે સેવા આપતા તજજ્ઞ દ્વારા વિદ્યાર્થીઓને બેંક રિક્રુટ્‌મેંટ, GPSC અને UPSCની આવનાર પરીક્ષાની તૈયારી કઈ રીતે કરવી, કેટલા કલાકનું વાંચન કરવું આ બધી વિગતો ની જાણકારી આપી હતી. સંસ્થા નાં આચાર્ય ડૉ. એમ . જી. ભટ્ટ ના માર્ગદર્શન તથા ઉદીશા પ્રકલ્પ નાં ચેરમેન ડો. જિજ્ઞાસા ત્રિકમલાલ ઠુંમર અને અન્ય કમીટી સભ્યોનાં સહકાર થી ઓનલાઇન સેમિનાર સફળતા પુર્વક પૂર્ણ થયેલ અને બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ એ તેનો લાભ લીધો હતો.




શહેરમાં ઈન્ફો કિડ્ઝ પ્રિ-સ્કૂલ દ્વારા બાળકો માટે વર્ચ્યુઅલ ફિલ્ડ ટ્રિપ અંતર્ગત ઝૂ વિઝિટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્ચ્યુઅલ ઝૂ વિઝિટ કાર્યક્રમનો ઉદ્દેશ્ય બાળકોને પ્રાણીઓ વિશે જ્ઞાન મળે અને ભણતર અટકે નહીં તે હતો. શાળાના બાળકો અને તેમના માતાપિતા તમામએ આ વર્ચ્યુઅલ ઝૂ ટ્રિપમાં ઉસ્સાહભેર ભાગ લીધો હતો.